# પેટલાદના પંડોળીમાં કિડની બાદ તાડીનું ભૂત ધૂણ્યું

## તાડી પીવાથી યુવાનના મોતની આશંકા, મહિનામાં ચાર જેટલા યુવાનો મોતને ભેટ્યા : ગ્રામજનો

પેટલાદ,તા.૧૫

પેટલાદ તાલુકાનું પંડોળી ગામ છેલ્લા એક-બે વર્ષથી કોઈને કોઈ કારણોસર સતત વિવાદમાં રહે છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ ગામમાં કિડનીનું ખૂબ જ મોટું રેકેટ ચાલી રહ્યું હતું. જેનો પર્દાફાશ તાજેતરમાં જ થયો હતો. આ કિડની કૌભાંડની શાહી હજુ સૂકાઈ નથી ત્યાં તાડીનું ભૂત ધૂણવા માંડ્યું છે. ગત રાત્રીએ પંડોળીના એક આશાસ્પદ યુવાનનું તાડી પીવાને કારણે મોત થયું હોવાની આશંકા પરિવારજનો વ્યક્ત કરી રહ્યા છે. ઉપરાંત, છેલ્લા એકાદ મહિનામાં તાડી પીવાથી ચાર જેટલા યુવાનોના મોત થયા હોવાનો ઘટસ્ફોટ ગ્રામજનો પણ કરી રહ્યા છે. પંડોળી જેવા નાનકડા ગામમાં તાડીનું



ખુલ્લેઆમ વેચાણ થતું હોવાનો આક્રોશ ગ્રામજનો ઠાલવી રહ્યા છે. આ અંગે પોલીસ વિભાગ દ્વારા સંતોષકારક કોઈ કાર્યવાહી નહીં થતી હોવાનો રોષ પણ ગ્રામજનોએ ઠાલવ્યો હતો.

પેટલાદ તાલુકાનું સૌથી મોટું ગામ પંડોળી છે. આશરે ૧૨ હજારની વસતી ધરાવતા આ ગામમાં ખેતી અને મજૂરી કામ કરનાર વર્ગ સૌથી વધુ છે. રોજગારી અને મોંઘવારીની



સમસ્યા સામે અહીંયાની પ્રજા સંઘર્ષ કરી રહી છે. તેવા આ ગામમાં અસંખ્ય યુવાનો કડીયાકામ સાથે જોડાયેલ છે. એવો જ એક યુવાન મહેશ રતિલાલ સોલંકી પંડોળીના એક નાનકડા પરા વિસ્તારમાં રહેતો હતો. આ યુવાન ગઈકાલે પોતાના ઘર પાસે એકાએક ઢળી પડતાં તેના પરિવારજનોએ મહેશને પેટલાદની સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા જ્યાં ડોકટરે મહેશને મૃત જાહેર કર્યો હતો. મહેશના મૃત્યુ બાદ તરત જ તેના પિતા, ભાઈ અને પરિવારજનોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, મહેશનું મોત તાડી પીવાને કારણે થયું છે. આ સાંભળી હોસ્પિટલના ડોકટર આશ્ચર્યમાં પડી ગયા હતા. જેથી તેઓએ તાત્કાલિક પેટલાદ રૂરલ પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસ વિભાગને માહિતી મળતાં તેઓ પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખી પોલીસ અને ડોકટરે મૃતકનું પોસ્ટ મોર્ટમ કરવાની જરૂરિયાત અંગે મહેશના પિતા અને ભાઈને જણાવ્યું હતું. જેથી મૃતકનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું. પંડોળીમાં ખુલ્લેઆમ વેચાતી તાડી અને આ તાડી પીવાને કારણે ભોગ લેવાઈ રહેલા યુવાનોને કારણે મહેશના પિતા તથા ભાઈએ મૃતકની ડેડ બોડી લેવાનો ઈન્કાર કર્યો હતો. ઉપરાંત જણાવ્યું હતું કે જ્યાં સુધી પોલીસ તાડી વેચનાર ગુનેગારોને પકડે નહીં અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરે નહીં ત્યાં સુધી અમો મહેશની ડેડ બોડી લઈ જઈશું નહીં. પરંતુ પંડોળીના સરપંચ જગદીશભાઈ સોલંકી, આગેવાનો અને કુટુંબીજનોની દરમિયાનગીરીને કારણે અંતે મહેશની ડેડ બોડી પોસ્ટ મોર્ટમ કર્યા બાદ અંતિમસંસ્કાર કરવા પંડોળી ખાતે લઈ જવાયા હતા જ્યાં તેઓની અંતિમવિધી પરિવારજનો તથા ગ્રામજનોની વચ્ચે કરવામાં આવી હતી.

૦-૦-૦

### ખુલ્લેઆમ તાડીનું વેચાણ

પંડોળીના ગ્રામજનો આક્રોશપૂર્વક જણાવી રહ્યા છે કે, પંડોળીમાં ભાગોળ તથા મંગળપુરા ચોકડી વિસ્તારમાં તાડીનું વેચાણ કેટલાય વર્ષોથી ખુલ્લેઆમ થઈ રહ્યું છે. આ અંગે અમોએ અનેક વખત પેટલાદ રૂરલ પોલીસ મથકે જાણ કરી હોવા છતાં ગુનેગારો વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. કેટલાક ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ તાડીની બનાવટ કેમિકલની ગોળીઓથી બનાવવામાં આવે છે, જે ગંભીર બાબત છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, થોડા દિવસ અગાઉ ગામના એક યુવાન પ્રવિણ ધૂળાભાઈ સોલંકી (ઉ.વ.૨૮) પણ તાડી પીવાથી મૃત્યુ થયું હતું. ઉપરાંત, છેલ્લા એકાદ મહિનામાં આ ગામના ચાર જેટલા યુવાનો મોતને ભેટ્યા છે.

### પીએમ રીપોર્ટ બાદ કાર્યવાહી

સીવીલ હોસ્પિલોટના ડો.રફીકભાઈ શેખે જણાવ્યું હતું કે, યુવાનનું મૃત્યુ તાડી પીવાને કારણે થયું છે કે કેમ? તેની ખબર રીપોર્ટ આવ્યા બાદ જ પડશે. પ્રાથમિક તપાસ દરમિયાન આવું કંઈ ખબર પડે નહિ. આ અંગે પેટલાદ રૂરલ પોલીસ મથકના પીએસઆઈ આર.જે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, પીએમ રીપોર્ટમાં તાડી પીવાને કારણે મોતનું કારણ બહાર આવશે તો ગુનેગારો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. પંડોળીમાં ખુલ્લેઆમ વેચાતી તાડી અંગે અત્યાર સુધી અમોને લેખિતમાં કોઈ ફરિયાદ મળેલ નથી.

# બોરસદ મામલતદારને ન્યાય ક્યારે મળશે?

આણંદ,તા.૧૫

બોરસદ શહેરની આણંદ ચોકડીએ નવનિર્મીત તાલુકા સેવાસદનને હવે આવવા જવાના રસ્તાની મોકાણ સર્જાઈ છે. સ્ટેટ હાઈવે ઉપર ડીવાઈડર બનાવેલા હોવાથી આણંદ ચોકડીથી સેવા સદનમાં જવા પ્રજાને તો ઠીક પણ મામલતદાર કે અધિકારીઓને પણ રોંગસાઈડથી વાહન લઈને જવું પડે છે. મુખ્યમંત્રી ફરીયાદ કાર્યક્રમમાં મામલતદારે જાતે કરેલી ફરીયાદને છ મહિના પછી પણ ન્યાય મળ્યો નથી.

બોરસદ તાલુકા સેવાસદનની બહારની સાઈડે પસાર થતા વાસદ રોડ ઉપર પાથરણાં, લારી, ખુમચા, નાળીયેર, સાવરણી, જાજમ વાળાઓએ અડીંગો જમાવ્યો છે. જેથી ટ્રાફિકથી ધમધમતા રસ્તા ઉપ રલોકો વાહનો ઉભા રાખીને ખરીદી કરતાં વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. સેવાસદનમાં જવા માટે ડીવાઈડરના કારણે આણંદ ચોકડીથી રોંગ સાઈડે વાહન લઈને જવું પડે છે જેથી મામલતદારે મુખ્યમંત્રીશ્રીને ઓનલાઈન સ્વાગત ફરીયાદ



બોરસદ તાલુકા સેવા સદનથી પસાર થતો વાસદ-બગોદરા હાઈવેને કારણે હાલ તાલુકાની પ્રજા સહિત મામલતદાર અને કર્મચારીઓને રોંગ સાઈડથી જવું પડે છે તથા લારી, પાથરણાંના દબાણથી રોજબરોજ અકસ્માતો સર્જાઈ રહ્યા છે. ડીવાઈડર વચ્ચે જગ્યા અને બમ્પ ન હોવાથી મામલતદાર કચેરીએ રોંગ સાઈડથી જવું જીવલેણ બની રહ્યું છે. (તસવીર : પુષ્પક પટેલ)

**આણંદ ચોકડીએ નવનિર્મીત સેવાસદનમાં જવાના રસ્તાનો પેચીદો પ્રશ્ન : મામલતદારે જાતે ઓનલાઈન સ્વાગતમાં ફરીયાદ કરી:વનવિભાગ-પીડબલ્યુડીએ હાથતાળી આપી : ગેરકાયદેસર લારીઓ, ખુમચા, પાથરણાંથી જાનહાનિનો ભય: ટ્રાફિક પોલીસ પણ રોકડીયા વહેવારમાં મશગુલ**

કાર્યક્રમમાં ૧૪ નંબરથી ફરીયાદ પણ કરી હતી. જતેનો હજુ ઉકેલ આવ્યો નથી. દબાણો દૂર કરવા માટે વનખાતું કહે છે કે રોડના દબાણો અમારા ખાતામાં નથી. ઝાડ ઉપર દબાણ થયું હોય તો અમને કહેજો. જ્યારે પીડબલ્યુડી કહે છે કે આ બધું વનખાતાના વિભાગમાં છે. આમ બન્ને ખાતાના અધિકારીઓ એકબીજા ઉપર દોષનો ટોપલો મુકીને ગેરકાયદેસર દબાણ કરતા ઈસમો પાસેથી દર મહિને મોટી રકમના હમા ઉઘરાવી લેતા હોય છે.

ચોકડીએ આવેલ ટ્રાફિક પોલીસની હાટડીમાં જમાદાર રઘુભાઈ બારોટ અને વહીવટીયા પણ રોજબરોજ રોકડી કરીને ખીસ્સાં ગરમ કરી રહ્યા છે. ત્યારે હવે મામલતદારને જવા

(અનુસંધાન પાન ૨ ઉપર)

# ઓર્ગન ડોનેશન માટે જનજાગૃતિ લાવવા ડોનેટ લાઈફ દ્વારા આણંદ બ્રાન્ચનો પ્રારંભ




ડોનેટ લાઈફ આણંદ શાખાનું દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરતા વડતાલ મંદિરના વલ્લભ સ્વામીની સાથે અનુપમ મિશનના દિલીપભાઈ દેસાઈ, ડોનેટ લાઈફના સ્થાપક પ્રમુખ નિલેશભાઈ માંડલેવાલા, પ્રકાશભાઈ પટેલ (ઓડ), ચમોસ માતૃસંસ્થાના પ્રમુખ નગીનભાઈ પટેલ (ચકલાસી), કિરણભાઈ પટેલ (કમ્ફી), બકાભાઈ પટેલ (વાસદ), આણંદ શાખાના રાજુભાઈ પટેલ (ડોલ્ફીન વોચ), સુનિલભાઈ શાહ તથા આ પ્રસંગે અંગોનું દાન સ્વીકારનાર આણંદ સોહેલ તથા બોરસદના અંગેની માહિતી આપતા પ્રમુખ નિલેશભાઈ માંડલેવાલા. (તસવીર : અશ્વિન વી. પટેલ, આણંદ)

આણંદ,તા.૧૫

ઓર્ગન ડોનેશન માટે કામ કરતી સુરતની ડોનેટ લાઈફ સંસ્થાએ આણંદ શહેરમાં અંગદાનના હેતુઓને ઉજાગર કરવાના હેતુસર આણંદ શહેરમાં એક બ્રાંચ ખુલ્લી મુકી છે. અકસ્માત અથવા અન્ય કારણોસર બ્રેનડેડ બનેલા માનવ શરીરના અંગો અન્યના જીવનને ઉપયોગી બની રહે તે માટે જનજાગરૂકતાનું કામ હાથ ધર્યું

**બ્રેનડેડ વ્યક્તિના કિડની, હૃદય, લિવર, પેન્ક્રિયાસ, નેત્ર જેવા અંગોના દાન લઈ અન્ય વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટનું કામ ડોનેટ લાઈફ સંસ્થા કરશે**

છે. અને બ્રેનડેડ વ્યક્તિના શરીરના કિડની, હૃદય, લિવર, પેન્ક્રિયાસ, નેત્ર જેવા અવયવોનું બ્રેનડેડ વ્યક્તિના પરિવારજનો સાથે કાઉન્સેલીંગ કરી મેળવવાના છે અને નિષ્ફળ અંગો ધરાવતા અંગોની ખામીને લઈ અસહાય જીવન જીવતા લોકો માટે જાતિ, ધર્મ, ગરીબ, અમીરના ભેદ ભુલી તેઓ માટે આશાનું કિરણ પ્રગટાવ્યું છે ત્યારે આવા કિસ્સામાં ઓર્ગન ડોનેટ લેતા દર્દીએ પણ શસ્ત્રક્રિયા જેવો સામાન્ય ખર્ચ માત્ર ઉઠાવવો પડે છે અને અન્યને આ અમૂલ્ય જીવન મળી રહે છે.

વર્ષ ૨૦૦૫માં સૂરત ખાતે શરૂ થયેલ ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા અંગદાનમાં દક્ષીણી ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિના પરિવારજનો સાથે સમજણ કેળવી આજદીન સુધી ૨૪૫

(અનુસંધાન પાન ૨ ઉપર)

# બામરોલી સ્ત્રી આત્મહત્યા કેસ : બે બાળકોનાં મોત, માતાનો બચાવ

**આત્મહત્યા કેસમાં નવો વળાંક : બાળકો જીવતાં હોવાની વાત ખોટી ઠરી, મૃત્યુ પામેલાં બાળકોને દાટી દેવાયાં હતાં : પોલીસે સ્મશાનભૂમિમાંથી દાટેલાં બાળકોના મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ કરાવ્યું**

આણંદ,તા.૧૫

પેટલાદ પંથકમાં ચકચાર મચાવનાર બામરોલી આત્મહત્યાની ઘટનામાં આજે નવો ફણગો ફૂટ્યો હતો. મહિલાએ બે બાળકો સાથે હવડ કુવામાં ભૂસકો માર્યો હોવાનું અને બે બાળકોના મોતની પુષ્ટી થવા પામી હતી. પોલીસે પણ સ્મશાનમાં ભોંયદાટ કરવામાં આવેલા બન્ને બાળકોના મૃતદેહને બહાર કાઢીને પેટલાદ પીએમ કરાવી વીસેરા અને સેમ્પલ ગાંધીનગર મોકલી આપ્યા છે.

રહસ્યના તાણાવાણા વાળી આ ઘટનામાં બામરોલીમાં શીતલ પરમાર નામની ૨૭ વર્ષની મહિલાને આણંદના દવાખાનામાં દાખલ કરવામાં આવી હતી. જેમાં સાસરીયાના નિષવેદન મુજબ બાથરૂમમાં લપસી પડતાં ઈજાઓ થઈ હતી તેમજ તેના બન્ને બાળકો પણ જીવીત છે તેવો દાવો કરવામાં આવ્યો હતો. જે સંદર્ભે આણંદ જિલ્લા પોલીસ વડા મકરંદ ચૌહાણે પોતાના માર્ગદર્શન હેઠળ પેટલાદ ડીવાયએસપી સંદીપસિંહ જાડેજાને તપાસ સોંપી હતી. પોલીસે અંગત બાતમીદારો અને સ્થાનિક પૂછપરછ કરતાં આ ઘટનામાં નવો વળાંક સર્જાયો હતો.

ડીવાયએસપી સંદીપસિંહ જાડેજાના જણાવ્યા મુજબ ડોકટરે આપેલ રીપોર્ટ અને ઈજાગ્રસ્ત શીતલ પરમારના નિવેદનોમાં વિરોધાભાસ દેખાયો હતો. જેથી પોલીસે ગામમાં જઈને ઊંડી તપાસ કરતાં તેના બે બાળકોમાં મોટો દીકરો આર્યન ઉ.૩ વર્ષ અને નાનો જયમીન ઉ.૩ માસના મોત થયા હોવાનું જણાયું હતું. પરિવારજનોએ આખી વાત



પોલીસથી છુપાવી હતી. જેથી પોલીસે પેટલાદ મામલતદારને બન્ને બાળકોને ભોંયદાટ કરવામાં આવેલ જગ્યામાં ખોદકામ કરી મૃતદેહ બહાર કાઢવા લેખીત પરવાનગી માગી હતી. જે પરવાનગી મળતાં બપોર પછી સ્મશાનમાંથી પોલીસ તથા પરિવારજનોની હાજરીમાં બાળકોના મૃતદેહને બહાર કાઢીને પેટલાદ પીએમ કરવા મોકલી આપ્યા હતા અને વીસેરા તથા અન્ય સેમ્પલને ગાંધીનગર મોકલ્યા છે.

**અકસ્માત મોતનો ગુનો દાખલ : પીએમ, એફએસએલના રીપોર્ટ પછી રહસ્ય ખુલશે : સાસરિયાં શકના દાયરામાં : માતા પોતાના સંતાનોના મૃત્યુથી અજાણ**

### શીતલને દીકરાઓના મોતની ખબર નથી

આણંદ દવાખાનામાં સારવાર મેળવી રહેલી શીતલ પરમારને હજુ પણ પરિવારજનોએ તેના પુત્ર આર્યન અને જયમીનના મોતના ખબર આપ્યા નથી જેથી તે દવાખાનામાં પણ જાણે કશું થયું નથી તેવો વર્તાવ કરી રહી છે. આખી ઘટનામાં રહસ્ય ઘેરૂં બની રહ્યું છે. તામાને પુત્રોના મોતની જાણ નથી એવું પરિવારજનો કહે છે જ્યારે ચર્ચાઓથી જણાય છે કે સગી માતાએ બે પુત્રોને વારાફરતી હવડ કુવામાં ફેંક્યા હતા. આ હકીકત ખરેખર કંપાવનારી છે.

### હાલ અકસ્માતે મોતનો ગુનો : ડીવાયએસપી જાડેજા

જિલ્લા પોલીસ વડા મકરંદ ચૌહાણની સૂચનાઓ મુજબ બામરોલી બનાવમાં ડીવાયએસપી સંદીપ જાડેજા કામગીરી કરી રહ્યા છે. પરિવારજનોએ બાળકો જીવીત છે તેવો દાવો કર્યો હતો તેનો ભાંડો ફૂટી ગયો હતો. પોલીસને શીતલ તથા પરિવારજનોના અલગ અલગ નિવેદનોથી વધુ શક પડી રહ્યો છે. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે. પરંતુ સાસરીયા ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી હોવાનું પોલીસ જણાવી રહી છે.

### શીતલ પરમારે બે બાળકોને કુવામાં ફેંક્યા

બામરોલી ઘટનામાં ગ્રામ્ય સ્તરે થઈ રહેલી ચર્ચાઓ તથા પોલીસ બાતમીદારોની વિગતો મુજબ ઘરમાં કંઈક કંકાસ થયો હતો જેથી શીતલે પોતાના નાના બે બાળકો સાથે શામળીયા કુવા પાસે ગઈ હતી અને વારાફરતી બન્ને બાળકોને કુવામાં ફેંક્યા હતા અને પછી તેણે પણ ભુસકો માર્યો હતો. જે ઘટનાની જાણ થતાં ભેગી થયેલી મેદનીએ કુવામાં પડીને શીતલને બચાવી હતી પરંતુ બન્ને બાળકો મોતને ભેટ્યા હતા.


## બેસણું



ગાનાથી મનુભાઈ પરસોતમભાઈ પટેલના જયશ્રી સ્વામિનારાયણ. સખેદ જણાવવાનું કે અમારા મોટાભાઈ શ્રી ભાઈલાલભાઈ પરસોતમભાઈ તા.૧૪/૪/૧૮ને શનિવારના રોજ શ્રીજીચરણ થયા છે. ભગવાનને ગમ્યું તે ખરૂં. તેમના આત્માને શાંતિ આપે.

સદ્ગતનું બેસણું તા.૧૭/૪/૨૦૧૮ને મંગળવારના રોજ
સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે
સ્થળ : પટેલ વાડી, ગાના, તા.આણંદ

અશ્વિનભાઈ પરસોતમભાઈ પટેલ
જયેશભાઈ ભાઈલાલભાઈ પટેલ
સ્મિતલભાઈ રાવજીભાઈ પટેલ
ભાવિનભાઈ મનુભાઈ પટેલ
સમીરભાઈ રાવજીભાઈ પટેલ
હર્ષભાઈ અશ્વિનભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ ભાઈલાલભાઈ પટેલ


# પથાવત ગામે સાસરીમાં આવેલ જમાઈનું મોત

(બ્યુરો) નડીયાદ,તા.૧૫

મહેમદાવાદના પથાવત ગામે બિમાર સસરાની ખબર કાઢવા આવેલ દસક્રોઈના વડોદ ગામના એક આધેડનું મૃત્યુ નીપજ્યું હોવાનો બનાવ મહેમદાવાદ પોલીસ મથકે નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના દસક્રોઈ તાલુકાના વડોદ ગામના પ્રતાપભાઈ રામસિંહ ડાભી ઉ.વ.૫૮ પરમ દિવસે મહેમદાવાદના પથાવત ગામે બિમાર સસરાની ખબર કાઢવા આવ્યા બાદ તે રોકાયા હતા.

દરમ્યાન પ્રતાપભાઈ પરમદિવસે રાતના જમી પરવારી સૂઈ ગયા હતા. બાદ બીજા દિવસે સવારના સમયે તેઓ સમયસર ન ઉઠતાં સાસરી પક્ષના લોકો પ્રતાપભાઈને સારવાર અર્થે હલધરવાસ ખાતેના સરકારી દવાખાનાએ લઈ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબે તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. મહેમદાવાદ પોલીસે અપમૃત્યુનો બનાવ નોંધી તપાસ હાથ ધરી છે.

# વડતાલ સ્વામિનારાયણ મંદિર દ્વારા ૨૦૦૦ જોડ ચંપલનું વિતરણ

(બ્યુરો) નડીયાદ,તા.૧૫

સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલ મંદિર દ્વારા આજે ઉનાળાના તાપમાં ચંપલ વિના ફરતા ગરીબજનોની સેવા અર્થે પંદર જેટલી ટીમોએ ગામડે ગામડે જઈ બે હજાર જેટલી ચંપલોનું વિતરણ કર્યું છે.

આ પ્રસંગે વડતાલ મંદિરના ચેરમેન પ.પૂ.દેવસ્વામીએ નૌતમ સ્વામી, મુનીવલ્લભ સ્વામી તેમજ શ્યામવલ્લભ સ્વામી સહીતના સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વયંસેવકોની ટીમોને વિદાય આપતા સંતોએ જણાવ્યું હતું કે સામાન્ય માણસ સુધી ધર્મ સંદેશ પહોંચાડવાનો આ સાચો રસ્તો છે. ખરેખર સેવા દરેક

(અનુસંધાન પાન ૨ ઉપર)